# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|
| ૧. | પ્રાર્થના | ૧ |
| ૨ | વંદના | ૨ |
| ૩. | આશીર્વચન | ૩ |
| ૪. | વિશ્વવિખ્યાત ગીતા વિષે વિદ્વાનોનાં મંતવ્યો | ૪ |
| ૫. | ‘‘ગીતા’’ અને ભારતીય સ્વતંત્રતા આંદોલન | ૭ |
| ૬. | ‘‘ગીતા’’ વિષે રાષ્ટ્રપિતા મહાત્મા  ગાંધીના વિચારો | ૮ |
| ૭. | જ્ઞાનામૃત ગીતાનું પ્રાગટ્ય–મહાભારત કથા | ૯ |
| ૮. | શ્રીમદ્ ભગવદ્ ગીતા | ૧૫ |
| ૯. | ‘‘ગીતા’’ની યથાવત્ સુબોધ વ્યાખ્યા – યથાર્થ ગીતા | ૧૭ |
| ૧૦. | ‘‘યથાર્થ ગીતા’’ના પ્રણેતા | ૧૯ |
| ૧૧. | ‘‘ગીતા’’ના મુખ્ય સિદ્ધાંતો | ૨૦ |
| ૧૨. | વિચાર માલિકા | ૨૨ |
| ૧૩. | વિદ્યાર્થીઓનાં કર્તવ્યો | ૨૪ |
| ૧૪. | ગુરુમહિમા તથા ગુરુ–શિષ્ય પરંપરા | ૨૬ |
| ૧૫. | ગૌરવશાળી ઐતિહાસિક ગ્રંથ ‘‘મહાભારત’’ | ૨૭ |
| ૧૬. | મહાભારત તથા ગીતાના શિક્ષાપ્રદ પ્રેરક પ્રસંગો | ૩૦ |

- ❑ સફળતાનું સૂત્ર
- ❑ શિક્ષણમાં પ્રેરણા અને લગનીનું મહત્ત્વ
- ❑ ગૃહકાર્ય આત્મસાત્ કરીને પૂરું કરો.
- ❑ કાલ્પનિક ભૂત–પ્રેતનું અસ્તિત્વ નથી, તો પછી ડર શાનો?
- ❑ એક પરમાત્માની જ પૂજા કરવી જોઈએ.
- ❑ સ્વાર્થ અને જુઠ્ઠાણાનું પરિણામ


॥ ૐ ॥

# શ્રીમદ્ ભગવદ્ ગીતા































આશરે ૫૨૦૦ વર્ષ પહેલાં યોગેશ્વર શ્રી કૃષ્ણે પોતાના શ્રીમુખેથી આ અવિનાશી યોગ (પુરાતન જ્ઞાન)નો ઉપદેશ તેમના પ્રિય શિષ્ય, અર્જુન મારફત સંપૂર્ણ માનવજાતને આપ્યો છે. અવિનાશી યોગ અથવા ક્યારેય નાશ ન પામનારા જ્ઞાનનો અર્થ એવી વિદ્યા છે, જે ક્યારેય અજર (વૃદ્ધ ન થનારા) અને અમર (જેનું મરણ નથી) તેવા પરમાત્માની સાથે મિલાપ કરાવી દે. પરમાત્માનું દેવત્વ અપનાવવામાં સહાય કરે. આ જ ધર્મની વ્યાખ્યા છે.

એ સમયે મહર્ષિ વેદ વ્યાસે આ દૈવી વાણીને સહુ પ્રથમવાર એકત્ર કરીને લિપીબદ્ધ કરીને શ્રીમદ્ભગવદ્ગીતાને એક શાસ્ત્રરૂપે માનવજાત સમક્ષ રજૂ કરી હતી.

પ્રિય વિદ્યાર્થી મિત્રો, 'ગીતા' ચારેય વેદ તથા ઉપનિષદ જેવા ગ્રંથોનો સાર છે. એમાં દર્શાવેલા નીતિનિયમોનું પાલન કરીને તમે તમારા જીવનમાં સર્વ કોઈ વસ્તુ મેળવી શકો છો, જેમ કે, સર્વોત્તમ ભણતર, સારી આવક, સુખ અને શાંતિ, સમૃદ્ધિ, નામના, પ્રશંસા અને એટલે સુધી કે, પરમાત્માના પરમ ધામમાં પ્રવેશ, એટલે કે, મોક્ષ પણ મેળવી શકો છો.

વિદ્યાર્થી મિત્રો, આજકાલના પ્રચલિત ધર્મો, પંથો તથા સંપ્રદાયો શ્રી કૃષ્ણના સમયમાં નહોતા. એમના અવતરણના હજારો વર્ષો પછી, જે જે મહાપુરુષોએ તેમના ઉપદેશમાં એક ઈશ્વરની વાત કહી, તે સર્વને ગીતાનો સંદેશ આપનારા ગણી શકાય. અધ્યાત્મ અથવા ધર્મની બાબતમાં જગતના બધા જ મહાપુરુષોનો મત એક જ છે. વેદકાળના મહર્ષિઓ, ભગવાન શ્રી રામ અને શ્રી કૃષ્ણ, સંત મોઝીસ, જરથુષ્ટ્ર, ભગવાન મહાવીર, ગૌતમ બુદ્ધ, ઈસુ ખ્રિસ્ત, મુહમ્મદ પયગંબર, આદિ શંકરાચાર્ય, યોગી મત્સ્યેન્દ્રનાથ, સંત કબીર, ગોસ્વામી તુલસીદાસ, ગુરુ નાનક, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્રી રામકૃષ્ણ

પરમહંસ, સ્વામી વિવેકાનંદ અને સ્વામી શ્રી પરમાનંદજી વગેરે સર્વ સંતપુરુષોએ 'ગીતા'નો 'ઈશ્વર એક' હોવા અંગેનો સંદેશ પોતપોતાના દેશ અને સમયની પ્રચલિત ભાષામાં સમજાવ્યો છે અને એ ઈશ્વરને બ્રહ્મ, પરમાત્મા, અહુરમઝદ, ગૉડ, ખુદા વગેરે નામોથી સંબોધિત કરવામાં આવે છે. આ જ ગીતાનું તત્ત્વજ્ઞાન છે, સચ્ચાઈ છે. તેનું પાલન તો કરી જોજો!

ચારેય વેદ, ઉપનિષદ, રામાયણ, અવેસ્તા, જૈન ધાર્મિક સાહિત્ય, બૌદ્ધ ધર્મ સાહિત્ય 'મહાપરિનિબ્બાનસુત્ત', બાઈબલ, કુરાન, શ્રી રામચરિત માનસ, કબીરવાણી 'સાખી', ગુરુ ગ્રંથસાહેબ વગેરે ધાર્મિક ગ્રંથોએ સનાતન સત્યનો આ પડઘો ઝીલ્યો છે, જે આમ જોવા જઈએ તો, ગીતાના સંદેશનું જ પ્રતિબિંબ છે. આ કારણે જ ભારતને વિશ્વગુરુ ગણવામાં આવે છે.

* * *

## – પૂજ્ય શ્રીના શ્રીમુખ વાણી –

.... આપણી સંસ્કૃતિ એ રહી છે કે, આપણે પ્રત્યેક કાર્યની શરૂઆત અને સમાપ્તિ કરતી વખતે ભગવાનનું સ્મરણ કરીએ છીએ. આથી જ, વ્હાલાં બાળમિત્રો, સુતાં–જાગતાં, જાજરૂ જતાં, નહાતાં, ખાતાં–પીતાં, ઊઠતાં–બેસતાં, શાળાએ જતાં, ભણતાં, રમતાં, એમ જીવનની પ્રત્યેક ક્ષણે ભગવાનને યાદ કરીને તેમનું નામ–સ્મરણ કરતાં રહેવું જોઈએ. તેમ કરવાથી, જેમ સોનામાં સુગંધ ભળે, તેમ તમારું જીવન પણ દીપી ઊઠશે. હા, દરરોજ સવારે અને સાંજે, પંદર–વીસ મિનિટ શાંત બેસીને બધાએ 'ૐ'નો જાપ કરવો જોઈએ.

**– સ્વામી શ્રી અડગડાનંજી મહારાજ**

# 'ગીતા'ના મુખ્ય સિદ્ધાંતો

**વ્હાલા વિદ્યાર્થીમિત્રો!**

સૃષ્ટિની શરૂઆતના સમયથી જ પ્રસાર પામી રહેલા અવિનાશી આધ્યાત્મિક જ્ઞાન 'ગીતા' થકી માણસોની બધી જ પેઢીઓ લાભાન્વિત થઈ છે. બધા લોકો માટે 'ગીતા' એક દીવાદાંડી સમાન, એક પ્રકાશમાન સ્તંભ–સમાન રહી છે. આવો, તેના પ્રકાશમાં આપણે સહુ પણ પ્રકાશિત થઈએ.

**ગીતાના મુખ્ય સિદ્ધાંતો છે –**

- એક પરમાત્મા જ સત્ય છે, શાશ્વત છે, (એટલે કે, ભગવાન ક્યારેય વૃદ્ધ ન થાય તેવા, અમર અને જેના નાશ ન થાય તેવા અવિનાશી) તથા સનાતન (પરાપૂર્વથી ચાલ્યા આવતા) છે. – (ગીતા, ૨/૨૪)

  બાળકો, એક એ જ પરમાત્માને આત્મા, ઈશ્વર, બ્રહ્મ, ગૉડ અથવા ખુદા પણ કહેવામાં આવે છે. આ બધાં એક ભગવાનને બોલાવવાનાં નામો છે, જે દેશ, સમય અથવા ભાષા પ્રમાણે અલગ અલગ પ્રકારે સંબોધન કરવામાં આવ્યાં છે.

- આપણે સહુ એક પરમાત્માનો અંશ છીએ; એનાં જ બાળકો છીએ. – (ગીતા, ૧૫/૭)

  ખરેખર તો બધાં બાળકોએ નાત–જાત, ઊંચ–નીચ, મોટા–નાના, ધનિક–ગરીબ તથા ધાર્મિક સંપ્રદાયોના ભેદભાવ દૂર કરવા જોઈએ અને આપણે સહુ એકસમાન છીએ, તે આધારે જ, અરસપરસ વર્તન અને વ્યવહાર કરવો જોઈએ.

- એ પરમાત્મા અથવા ઈશ્વર, બધાં જીવોના હૃદયમાં વાસ કરે છે. – (ગીતા, ૧૮/૬૧, ૧૫/૧૫)

- ખરેખર તો આપણા જ હૃદયમાં રહેલા એક ભગવાનને શરણે આપણે જવું જોઈએ અને પૂરેપૂરા ભાવપૂર્વક તેનું ધ્યાન અને તેની પૂજા કરવી જોઈએ, અને નહીં કે, અન્ય દેવી–દેવતાઓમાં આપણી શ્રદ્ધા કે ભક્તિભાવને વહેંચી નાખવો. જે કોઈ વ્યક્તિ, પૂરેપૂરી ભાવના તથા સમર્પણભાવથી ભગવાનને પૂજે છે, તેને સર્વ કંઈ મળે છે; એટલે સુધી કે, ભગવાનનો સાક્ષાત્કાર પણ થઈ શકે છે. – (ગીતા, ૧૮/૬૨)

  એક અન્ય વાત, તમે જે કંઈ વિચારતા હો તેની ભગવાનને પહેલેથી જ જાણ હોય છે. તેનું કારણ એ છે કે, એ તમારા હૃદયમાં જ વસે છે ને! માટે જ હમેશાં સારું અથવા શુભ જ વિચારજો.

- કેવળ અનન્ય ભક્તિ, (એટલે કે, કોઈ અન્યની ન હોય તેવી ભક્તિ, જે કેવળ એક જ ઈશ્વર સિવાય કોઈ અન્ય દેવી–દેવતા પ્રતિ ન હોય) દ્વારા જ ઈશ્વરને જોઈ શકાય, તેનો સાક્ષાત્કાર થઈ શકે છે, અને તેને પામી શકાય છે. – (ગીતા, ૧૧/૫૪)

- જે કોઈ વ્યક્તિ બીજા બીજા દેવી–દેવતાઓને પૂજે છે, તેઓ મૂરખ હોય છે, તેમનામાં સાચું સમજવાની ક્ષમતા નથી હોતી. અન્ય દેવી–દેવતાઓનું પૂજન વિધિપૂર્વક ન હોવાથી, તેમ કરવાથી મળનારું પરિણામ પણ નષ્ટ પામે છે. – (ગીતા – ૭/૨૦, ૯/૨૩, ૭/૨૩)

- તો બાળકો, આ પ્રકારે પૂજાની નિર્ધારિત પૂજનવિધિ છે – ૐનો જાપ, એક જ ઈશ્વરનું સ્મરણ (ધ્યાન) અને કોઈ સંત, મહાપુરુષનું શરણ તથા તેમની સેવા! બસ, આ જ છે ધ્યાન–પૂજન–ભજનની નિર્ધારિત વિધિ. – (ગીતા, – ૮/૧૩)

- એક પરમાત્માનું ભજન કરવાથી તમારી બધી જ ઈચ્છાઓ પૂરી થઈ જશે. – (ગીતા, – ૮/૨૦)

- પ્રિય બાળમિત્રો! ઘણા જ સારા નસીબથી આ માનવ શરીર આપણને મળ્યું છે, જે દેવતાઓને પણ મળી શકતું નથી. આ માનવ શરીરની સાર્થકતા એ છે કે, એક ઈશ્વરનું ભજન કરીને તે સર્વ કંઈ પ્રાપ્ત કરી શકે છે. એટલે સુધી, કે તે ઈશ્વરને પણ પ્રાપ્ત કરી શકે છે. – (ગીતા, ૯–૧૩)

- જગતના બધા મનુષ્યોનું અને તમારું પણ, ધર્મશાસ્ત્ર, 'ગીતા' છે. – (ગીતા, ૧૫/૨૦)

  સૃષ્ટિના પ્રારંભથી પ્રસારિત થઈ રહેલા આ દિવ્ય જ્ઞાનને મહર્ષિ વેદવ્યાસે આશરે ૫૨૦૦ વર્ષ પહેલાં સંકલિત કરીને સ્પષ્ટપણે જણાવ્યું કે, 'ગીતા' એક ધર્મશાસ્ત્ર છે.

**गीता सुगीता कर्तव्या किमन्यैः शास्त्रविस्तरैः।**

  આનો અર્થ એ છે કે, ઈશ્વરીય ભજન 'ગીતા' જ એક શાસ્ત્ર છે, તો પછી અન્ય શાસ્ત્રોની લાંબી વિગતોમાં જવાની શી જરૂર છે? આથી, માણસમાત્રે પૌરાણિક ધર્મશાસ્ત્ર 'ગીતા'ને જ અનુસરવી જોઈએ.

- એક ભગવાન, મહાપુરુષ, સદ્‌ગુરુ, યોગેશ્વર (આ સર્વ ઈશ્વરનાં જ સંબોધનો છે) પ્રતિ સંપૂર્ણ ભાવપૂર્વક સમર્પણ જ ધર્મ છે. – (ગીતા, ૧૮/૬૬)
- ધર્માચરણ – ઈશ્વરની પ્રાપ્તિ અર્થે 'ગીતા'ની નિર્ધારિત વિધિ અનુસાર આચરણ કરવું, તે જ ધર્માચરણ કહેવાય છે. – (ગીતા, ૨/૪૦)
- ધર્મની પ્રાપ્તિ – પૂર્ણયોગી, યોગેશ્વર, પરમાત્મામાં ધ્યાનસ્થ સદ્‌ગુરુનું શરણ, તેમની સેવા તથા તેમની કૃપા થકી જ ધર્મની પ્રાપ્તિ સંભવ છે. – (ગીતા, ૪/૩૪, ૧૪/૨૭)

**વિસ્તારપૂર્વક માહિતી માટે 'યથાર્થ ગીતા'નું ત્રણથી ચાર વાર વાંચન કરવું.**

* * *



# ॥ વિચાર માલિકા ॥

વ્હાલાં બાળકો! ''ગીતા'' એક સંપૂર્ણપણે સાધના વિષયક ગ્રંથ છે. આખી ''ગીતા'' ગુરુ–શિષ્યના સંવાદરૂપે છે. એમાં ભગવાન શ્રી કૃષ્ણના અનન્ય ભક્ત અને શિષ્ય અર્જુનના બધા પ્રશ્નોના જવાબ યોગેશ્વર શ્રી કૃષ્ણે આપ્યા છે. તમારા પણ એવા જ પ્રશ્નો હોઈ શકે છે. બધા ઈશ્વર ભક્તોના એ જ પ્રશ્નો હોઈ શકે છે, અને હોવા પણ જોઈએ જ. તો જ આપણે સહુ પરમ સત્યની શોધ પ્રતિ આગળ વધી શકીશું. 'ગીતા' એ જ દર્શાવે છે. 'ગીતા'ના મર્મને સરળ રીતે સમજવા માટે ચોક્કસપણે 'યથાર્થ ગીતા' વાંચજો.

- ગીતાજ્ઞાનના પ્રસારણ વખતે જગતમાં એકેય ધર્મ કે સંપ્રદાય અસ્તિત્ત્વમાં નહોતો. આજકાલના પ્રચલિત બધા ધર્મો–સંપ્રદાયો 'ગીતા'ના પ્રાદુર્ભાવના હજારો વર્ષ પછી અસ્તિત્ત્વમાં આવ્યા છે. આ કારણે, 'ગીતા' કોઈપણ પ્રકારના ધર્મ, સંપ્રદાય અને ભેદભાવથી મુક્ત જ્ઞાન–ગ્રંથ છે.
- હકીકતમાં જગતના બધા મહાન સંતોએ પોતપોતાના દેશની સ્થિતિ અને સમય અનુસારની ભાષામાં ગીતાના જ્ઞાનને જ માણસોને સમજાવ્યું છે. એનો અર્થ એ થયો કે, ચાહે ઈશ્વર કહો કે, ગૉડ, પરમાત્મા કહો કે, ખુદા – એ જ રીતે વૉટર કહો કે, પાણી કહો, એનો અર્થ એક જ થાય છે. તેમાં કોઈ ફરક નથી પડતો. એ જ રીતે ભગવાનને ગમે તે નામે પોકારો, તેમાં કોઈ જ ફરક નથી. જે કોઈ ફરક ઉત્પન્ન કરે છે કે, દર્શાવે છે તેઓ કંઈ જ જાણતા નથી કે સ્વાર્થને લઈને જાણવા માગતા નથી. તેમને સમજાવો અને તેમને આ પુસ્તક, 'યથાર્થ ગીતા' વાંચવા આપજો.
- 'ગીતા' એક એવું શાસ્ત્ર છે, જે બધા જ સમય માટે યોગ્ય છે. વળી તે સમગ્ર સંસારમાં ફેલાયેલું છે, અને બધા લોકો માટે ઉપયોગી એવું માનવશાસ્ત્ર છે. વળી એ પરમાત્માના દિવ્ય તત્ત્વની સમજણ આપતું હોવાથી એક ધર્મશાસ્ત્ર પણ છે.
- પ્રિય બાળકો, ગીતાના જ્ઞાનને અનુસરવા માટે તમારે કોઈપણ વિચારધારા, ધર્મ અથવા સંપ્રદાયને છોડવાની જરૂર નથી, ન તમારે કશા પ્રકારની દીક્ષા લેવાની છે. ગીતાનો અભ્યાસ આવા પ્રકારના બધા જ બાહ્ય આડંબરો અને કર્મકાંડોથી મુક્ત છે.



- ગીતા કોઈ વ્યક્તિવિશેષ, વર્ગ, સંપ્રદાય અથવા દેશ કે સમયાવધિનો ગ્રંથ નથી. આ પ્રત્યેક દેશ, સંપ્રદાય અને સઘળા સ્ત્રી તથા પુરુષો અને બાળકો માટેનો ગ્રંથ છે.
- આધ્યાત્મિક સાધનાનો આ ગ્રંથ, 'યાથાર્થ ગીતા' સમગ્ર જગતના પ્રત્યેક ઘરમાં અને દરેક વ્યક્તિ પાસે હોવી જોઈએ. તમારી શાળા, વિદ્યાલય, પુસ્તકાલય અને તમારી શાળાએ લઈ જવાના થેલામાં પણ રહેવો જોઈએ.
- 'યથાર્થ ગીતા'ના સિદ્ધાંતોનું પાલન કરીને તમે ન કેવળ દેશ માટે, પણ આખાય જગતને સમસ્યાઓથી મુક્તિ અપાવી શકશો અને **'वसधैव कटम्बकम्'** સૂત્રને સાકાર કરી શકશો.

તમારું કલ્યાણ થાઓ! તમે સફળતા પ્રાપ્ત કરો! તમને યશની પ્રાપ્તિ થાય!

* * *

**એક ઈશ્વરની આરાધના કરવાથી બધી જ ઈચ્છાઓ પૂર્ણ થઈ જાય છે.**

'ગીતા'માં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે,

**चतुर्विद्या भजन्ते मां जनाः सुकृतिनोऽर्जुन।**
**आर्तो जिज्ञासुरर्थार्थी ज्ञानी च भरतर्षभ ।। (गीता ७/१६)**

હે ભરતશ્રેષ્ઠ અર્જુન, મને ચાર પ્રકારના ભક્તો ભજે છે અથવા પૂજે છે – **આર્ત,** એટલે કે, જેઓ દુઃખી છે, **આર્થાર્થી,** એટલે કે, જેમને સાંસારિક વસ્તુઓ તથા ધનવૈભવ પામવાની લાલસા છે, **જિજ્ઞાસુ,** એટલેકે, જેઓ 'મને' યથાર્થ રૂપે, પૂર્ણપણે સમજવાની ઈચ્છા ધરાવતા હોય અને **જ્ઞાની,** જેઓ તેમની અધ્યાત્મની સાધના પૂર્ણ થતાં મારાં દર્શન કરવાની અણી પર છે અને મારા દિવ્ય જગતમાં પ્રવેશ કરવાના છે. આમ, ચાર પ્રકારના ભક્તો મારું પૂજન કરે છે. હું એ બધાને સર્વ કંઈ આપું છું. **(ગીતા ૭/૧૬)**

## પ્રેરક પ્રસંગ-૧

# સફળતાનું સૂત્ર

### તમારું લક્ષ્ય સ્પષ્ટ થાય તે માટે સતત પ્રયત્ન કરતા રહો

એકાગ્ર ચિત્ત થઈને, ચારે તરફથી દૃષ્ટિ સમેટીને એકમાત્ર તમારા લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરનાર જ સફળતા પામે છે. એક વાર, શસ્ત્રાસ્ત્ર શીખવતા ગુરુ દ્રોણાચાર્યે એક પક્ષીયંત્ર (રમકડાનું પક્ષી) બનાવ્યું અને તેને એક ઝાડ ઉપર લટકાવી દીધું. તેમણે બધા વિદ્યાર્થીઓને તે પક્ષીની આંખ ઉપર નિશાન તાકવા જણાવ્યું. ગુરુ દ્રોણ વારાફરતી એક પછી એક વિદ્યાર્થીને તેમની પાસે બોલાવતા, તેમને અમુક પ્રશ્નો પૂછીને વિદાય કરી દેતા હતા. યુધિષ્ઠિરનો વારો આવતાં, તેમણે તેને પૂછ્યું, ''શું દેખાય છે?'' તેમણે ઉત્તર આપ્યો, ''મને તો પેલું વિશાળ ઝાડ, તેનાં ડાળીડાંખળાઓ અને તેમાં બેઠેલું પેલું પક્ષી અને તે ઉપરાંત, ઉપર અનંત આકાશ પણ દેખાય છે, ગુરુજી.'' ગુરુ દ્રોણે તેને તીર–કામઠાં બાજુ પર મૂકીને પાછા બેસી જવા કહ્યું. દુર્યોધનને પણ તેમણે એ જ પ્રશ્ન પૂછ્યો. ''શું દેખાય છે?'' તેમણે ઉદ્ધતાઈથી જવાબ આપ્યો, ''મને તો આ બધા ગુરુભાઈઓ દેખાય છે. મને તો તમે પણ દેખાઓ છો અને ત્યાં દૂર પેલું પક્ષી પણ દેખાય છે. બસ, તમે હુકમ આપો!'' ગુરુએ તેને પણ તીર–કામઠાં બાજુ પર મૂકી દેવા કહ્યું.

છેવટે, અર્જુનનો વારો આવ્યો. તેને પણ ગુરુદેવે પૂછ્યું, ''બોલ અર્જુન, શું દેખાય છે?'' અર્જુનને પ્રત્યુત્તર આપ્યો, ''ગુરુદેવ, મને તો પેલા પક્ષીની કેવળ આંખ જ દેખાય છે.'' ગુરુએ આજ્ઞા કરી, ''ચલાવ તીર !'' સનનન કરતું તીર પક્ષીની આંખ વીંધતું ચાલ્યું ગયું. ગુરુ દ્રોણે ખુશ થઈને અર્જુનને છાતીસરસો ચાંપી લીધો. આગળ જઈને એક દિવસ, આ જ વિદ્યાર્થી જગતનો અનુપમ બાણાવળી બન્યો.

આનો અર્થ એ કે, વિદ્યાર્થીઓનું લક્ષ્ય સ્પષ્ટ હોવું જોઈએ અને તે પ્રાપ્ત કરવા માટે એકધારો પ્રયત્ન કરતા રહેવું જોઈએ. આવા લોકો જ જીવનમાં સફળ થાય છે.

* * *



## પ્રેરક પ્રસંગ-૨

# શિક્ષણમાં પ્રેરણા અને લગનીનું મહત્વ

આમ તો પ્રતિભા દરેક વિદ્યાર્થીમાં હોય છે. શિક્ષક તેમની સુષુપ્ત પ્રતિભાઓને જાગૃત કરે છે. વિદ્યાર્થીઓને પ્રેરિત કરીને અને પ્રોત્સાહિત કરીને તેમને માટે, શિક્ષકો અનેક અવસરોનાં દ્વાર ખોલી નાખે છે. દરેક વિદ્યાર્થી પોતપોતાની લગની અનુસાર તેને ગ્રહણ કરે છે. ગુરુ દ્રોણાચાર્ય સર્વ વિદ્યાર્થીઓને એકસમાન શિક્ષણ આપતા હતા, પરંતુ, તે સર્વમાંથી એકમાત્ર અર્જુન જ સૌથી હોંશિયાર વિદ્યાર્થી નીવડ્યો હતો.


અર્જુન વિશે એક વાર્તા આ રીતે છે. અર્જુન તેના ભાઈ ભીમની સાથે બેસીને એક રાતે જમવા બેઠો હતો. અચાનક દીવો ઓલવાઈ ગયો અને અંધારું છવાઈ ગયું. અર્જુન મુંઝાઈ ગયો અને બોલ્યો, ‘‘હવે હું કઈ રીતે ખાવાનું ખાઈશ?’’ પરંતુ, તેણે હાથમાં કોળિયો લઈને ઊપાડ્યો અને મોં સુધી લઈ ગયો, તો કોળિયો સીધો મોંમાં જ ગયો. તેણે આશ્ચર્યથી ભીમને કહ્યું, ‘‘અરે ભાઈ, સાવ અંધારું છે તો પણ કોળિયો મોંમાં જ ગયો. એમ કેમ થયું?’’ ભીમ બોલ્યો, ‘‘આનું નામ અભ્યાસ કહેવાય, અર્જુન; અભ્યાસ એટલે જ મહાવરો! આપણને ખાવાનો મહાવરો પડી ગયો છે, એટલે દાઢી કે નાકને ન અડતાં, હાથનો કોળિયો સીધેસીધો મોઢામાં જ જાય છે.’’

બસ, અર્જુનને પ્રેરણા મળી ગઈ. દિવસના અજવાળમાં અર્જુન વડનાં પાંદડાંઓ પર નિશાનીઓ કરી લેતો હતો મધરાતે ઘોર અંધારામાં તેની પર તીર ચલાવતો હતો. એક દિવસ, ધનુષ્યનો ટંકાર કરતો રવ ગુરુ દ્રોણાચાર્યને કાને પડ્યો. તેમણે જોયું કે, અર્જુન મધરાતના ઘનઘોર અંધારામાં સનનન સનનન કરીને તીર ચલાવતો હતો અને બરાબર નિશાન પાડતો હતો. ગુરુ દ્રોણ હતપ્રભ થઈ ગયા. તેમણે અર્જુનને પૂછ્યું, ‘‘આવી રીતે તીર ચલાવવાની વિદ્યા તો મેં તને નથી શીખવાડી.’’ અર્જુને કહ્યું, ‘‘ગુરુદેવ, વિદ્યા તો મેં તમારી પાસેથી જ શીખી છે, પણ અંધારામાં તીર ચલાવીને નિશાન પાડવાની પ્રેરણા ભાઈ ભીમ પાસેથી મને મળી હતી.’’

કહેવાય છે ને કે, ‘મોરનાં ઇંડા ચીતરવાનાં ન હોય!’ આનો અર્થ એ થાય કે, ભવિષ્યમાં પ્રગતિ કરનારનાં લક્ષણો પહેલાંથી જ દષ્ટિગોચર થાય છે. અર્જુન એવો જ વિદ્યાર્થી હતો. એ જગતનો સર્વશ્રેષ્ઠ બાણાવળી બન્યો અને મહાભારતના યુદ્ધમાં જીત મેળવી.

આથી, બધા વિદ્યાર્થીઓએ તેમના ભણતર તથા લક્ષ્યને હાંસલ કરવા અંગે એકાગ્રચિત્ત રહેવું જોઈએ. ભણતર અને લક્ષ્ય હાંસલ કરવામાં મદદરૂપ બાબતો, પ્રેરણા તથા ઉદાહરણો અંગે જાગૃત વિદ્યાર્થી જ સફળતા પામે છે. દુનિયાના બધા બૌદ્ધિકોનો આ જ નિયમ રહ્યો છે.

* * *



# ગૃહકાર્ય (હોમવર્ક) બરાબર સમજીને પુરું કરો

વિદ્યાર્થીઓને ઘરકામ (હૉમવર્ક) દેવાની પરંપરા પ્રાચીનકાળથી જ રહી છે. એક વાર આચાર્યશ્રીએ કૌરવો અને પાંડવો સહિત બધા વિદ્યાર્થીઓને શીખવાડ્યું –

૧. જે અપકાર કરે તેની પર પણ ઉપકાર કરનારા વ્યક્તિ મહાન હોય છે.

૨. જે કહેતાં ડર લાગતો હોય, તે વાત પણ સાચેસાચી કહી દેનાર વ્યક્તિ મહાન બને છે.

અને સહુને કહ્યું કે, આ બે સૂત્રો પર મનન કરીને બીજે દિવસે આવજો.

બીજે દિવસે ગુરુજીએ પૂછ્યું તો, સહુ સહુએ પોતપોતાની રીતે જવાબ આપ્યો; પરંતુ યુધિષ્ઠિરે કહ્યું, ‘‘ગુરુદેવ, મેં એ સૂત્ર પર મનન નથી કર્યું.’’ લગભગ સાત દિવસ સુધી યુધિષ્ઠિર આ રીતે જ જવાબ આપતો રહ્યો. હવે ગુરુજીને સ્વાભાવિકપણે ગુસ્સો આવી ગયો. તેમણે યુધિષ્ઠિરને એક સોટી ફટકારી દીધી.

યુધિષ્ઠિર થોડી ક્ષણો સુધી ચુપ રહીને બોલ્યો, ‘‘ગુરુજી, હવે મને તમે જે શીખવાડ્યું, તે યાદ રહી ગયું છે.’’

**પહેલું – અપકાર કરનારની ઉપર પણ ઉપકાર કરનાર મહાન હોય છે.** ગુરુકુળને રાજ્ય તરફથી આદેશ છે કે, રાજકુમારોને સોટી મારવા જેવી સજા કરવી નહીં, કારણ કે, તેમ કરવાથી તેઓ ડરપોક અને કાયર બની શકે છે. જો કોઈ વ્યક્તિ તેમને સોટી મારે તો, રાજ્ય તેને મોતની જ સજા આપી શકે. તમે મને સોટી મારી છે, અને એક રાજકુમાર તરીકે હું તમને માફ કરું છું.

**બીજું – જે કહેવામાં ડર લાગતો હોય તે સાચેસાચી કહી દેનાર વ્યક્તિ મહાન હોય છે.** મને ડર છે કે, જો હું સાચું કહી દઈશ તો તમે મારી સજા ઘટાડી દેશો, મારા ઉપર તમારું ધ્યાન ઓછું થઈ જશે. તેમ છતાં, મેં તમને સાચેસાચું કહી દીધું છે.

ગુરુજી યુધિષ્ઠિરને ઉમળકાભેર ભેટી પડ્યા અને કહ્યું, ‘‘બેટા, તું ખરો વિદ્યાર્થી છો. એક દિવસ તું ખરેખર મહાન વ્યક્તિ બનીશ.’’

કોઈ વિષય ગોખી નાખવાનું પૂરતું નથી. ભણતર એ છે, જે હૃદયમાં સમાઈ જાય અને આપણા આચરણમાં પણ આવી જાય.

* * *



## પ્રેરક પ્રસંગ-૪

# કાલ્પનિક ભૂત-પ્રેતનું અસ્તિત્વ નથી. તો પછી ભય શાનો?

'ભૂત' એક પવિત્ર અને યૌગિક શબ્દ છે. આ શબ્દ વેદ, ઉપનિષદ અને ગીતામાં પણ વપરાયો છે. ભૂત એટલે જીવિત પ્રાણી અને પ્રેત એટલે મરેલું પ્રાણી.

મહાભારતના યુદ્ધના મોખરે ઊભેલા મોહમાયાથી લાગણીશીલ બનેલા અર્જુનને 'ગીતા'નો ઉપદેશ આપતાં ભગવાન શ્રી કૃષ્ણ કહે છે,

- **ममैवांशो जीवलोके जीवभूतः सनातनः** **(ગીતા, ૧૫/૭)**

અર્જુન, આ શરીર, શરીરમાં રહેલો જીવાત્મા મારો જ સનાતન અંશ છે. એનો અર્થ એ થયો કે, એ સર્વ પેલા પરમપિતા પરમાત્માના અંશ છે. તેમનાં જ બાળકો છે અને એટલા જ પવિત્ર છે, જેટલા પવિત્ર પરમાત્મા છે.

- **ईश्वरः सर्वभूतानां हृद्देशेऽर्जन तिष्ठति** **(ગીતા, ૧૮/૬૧)**

અર્જુન, આ ઈશ્વર પ્રત્યેક જીવ (ભૂત) અને પ્રાણીમાં રહે છે. એટલે કે, એ ઈશ્વર સર્વશક્તિમાન છે, કણે કણમાં વસેલો છે, જ્યોતિસ્વરૂપ છે અને પ્રત્યેક જીવના હૃદયમાં વસેલો છે.

- **ભગવાનને 'ભૂતનાથ' પણ કહેવામાં આવે છે.** ભગવાન બધાય ભૂતો (જીવો)નો નાથ એટલે કે, સ્વામી છે, પ્રભુ છે.

પ્રિય વિદ્યાર્થી મિત્રો! જોયુંને તમે? ભૂત કેટલો પવિત્ર શબ્દ છે! સમય જતાં આ પવિત્ર શબ્દને ભૂત–પ્રેતની સાથે જોડી દેવાયો. પ્રેત એટલે જે મરણ પામ્યા હોય. આમ કરવાથી લોકોમાં ભય ફેલાઈ ગયો, અને તેનો મૂળ અર્થ જ વિસરાઈ ગયો. ભૂત–પ્રેત–પિશાચ વગેરે કાલ્પનિક નામોને ભય સાથે જોડી દઈને અમુક લોકોએ પોતાના ભરણપોષણની વ્યવસ્થા કરી લીધી. દૃઢ સંકલ્પવાળા વિદ્યાર્થી મિત્રો, સામાન્ય લોકોમાં ફેલાયેલા આવા ખોટા રીતરિવાજો અને અંધવિશ્વાસમાં જરાય વિશ્વાસ અથવા ભરોસો મૂકતા નહીં. તમારી સાથે ભણતા અન્ય વિદ્યાર્થી મિત્રોને પણ આ વિશે જાગૃત કરજો.

જ્યારે ભૂતો કે પ્રેતોનું અસ્તિત્ત્વ જ ન હોય તો, તેમનો ડર શાને રાખવો? બાળકોનાં માતા–પિતા તથા વાલીઓ પાસે એ અપેક્ષા છે કે, તેમણે પણ આવી કાલ્પનિક માન્યતાઓમાં વિશ્વાસ ન રાખવો જોઈએ અને બાળકોને પણ ભૂત–પ્રેત જેવા શબ્દો વાપરીને ડરાવવા નહીં કે ન તેમને ડરવા દેવા. કારણ કે, આવો ડર તેમનો જીવનભર પીછો કરતો રહેશે અને તેમની પ્રગતિમાં અંતરાયરૂપ બનશે. બાળકોને નિર્ભિક બનાવવાં જોઈએ અને તેમને કદાપિ ભયભીત ન જ બનાવવાં.

પ્રિય બાળમિત્રો, જો કંઈ એવું થાય કે તમને કશાકથી ભય કે ડર લાગે તો, 'યથાર્થ ગીતા' ત્રણ–ચાર વાર વાંચી જવી. એક પરમાત્મામાં તમારી શ્રદ્ધા રાખીને તેમનું નામ–સ્મરણ, ધ્યાન કરવું અને ૐકારનો જાપ કરવો. તમારા ગુરુનો આદર કરવો. તમે સદાને માટે નીડર અને ભયરહિત બની જશો.

* * *

## પ્રેરક પ્રસંગ-૫


# એક પરમાત્માની જ પૂજા કરવી જોઈએ

**એક દૃષ્ટાંત છે** – બાળક અર્જુન પિતામહ ભીષ્મના ખોળામાં સૂતો હતો. ભીષ્મે કહ્યું, ''આજે શસ્ત્ર–પૂજન કરવામાં આવશે.'' અર્જુને પૂછ્યું, ''પિતામહ, શસ્ત્રો કંઈ ભગવાન હોય કે, તેમનું પૂજન કરવું જોઈએ?'' પિતામહે કહ્યું, ''નહીં રે પાગલ! પૂજન તો ભગવાનનું જ કરવામાં આવશે, પરંતુ તેની પાછળ પ્રાર્થના એ હશે કે, હે ભગવાન, મને શસ્ત્રવિદ્યામાં નિપૂણ બનાવજો.''

આવી છે, ભારતીય સંસ્કૃતિ! ખેતર ખેડતાં પહેલાં ખેડૂત ધરતી અને હળને નમન કરે છે. કામ કરવાની શરૂઆત કરતાં પહેલાં લુહાર તેનાં ઓજારોને હાથ જોડીને નમન કરે છે. વેપારીઓ હિસાબના ચોપડાઓનું પૂજન કરે છે. હિસાબકિતાબ લખનારા મહેતાજી કલમ અને ખડિયાનું પૂજન કરે છે, જ્યારે વિદ્યાર્થીઓ તેમનાં પુસ્તકોને હાથ જોડીને નમન કરે છે.

આ સઘળું કરવાનો હેતુ એ છે કે, એક પરમાત્માને શરણે જઈને દરેક કામની શરૂઆત કરવી. જીવનના દરેક કામમાં કે વેપારમાં ભગવાનને યાદ કરતાં રહેવું જોઈએ. એ જ આપણી સંસ્કૃતિ છે! સંસ્કૃતિ બે શબ્દોનો સંયુક્તાક્ષર શબ્દ છે – સઃ અને કૃતિ. સઃ એટલે, ઈશ્વર અને કૃતિ એટલે, આપણાં સર્વ કાર્ય. આમ, બધાએ એક પરમાત્મા અથવા ઈષ્ટદેવને યાદ કરીને, તેમનું નામસ્મરણ કરીને કામ કરવાની શરૂઆત કરવી જોઈએ અને તેને પૂર્ણ કરવું જોઈએ.

* * *



શ્રી કૃષ્ણે કહ્યું, ‘‘સુદામા, આજથી તમે અમારા દોસ્ત છો.’’ સુદામાએ કહ્યું, ‘‘નહીં દોસ્ત, એ રીતે નહીં. મારી સાથે હાથ મિલાવીને આપણી દોસ્તી પાક્કી કરો. તમે બંને તો રાજકુમાર છો, અને હું તો એક ગરીબ બ્રાહ્મણ છું. વળી દોસ્તી તો સરખા સરખા લોકો વચ્ચે જ ટકે ને!’’ શ્રી કૃષ્ણ બોલ્યા, ‘‘દોસ્ત સુદામા, મિત્રતાનો હાથ પહેલાં મેં લાંબો કર્યો છે, એટલે હવે હું જ આપણી મિત્રતા ટકાવીશ.’’ બંનેએ હાથ મિલાવ્યા, ભેટ્યા અને મિત્રો બની ગયા.

એક સમયની વાત છે. એકવાર ઋષિનાં પત્ની, જેને વિદ્યાર્થીઓ ગુરુમાતા કહેતા, તેમણે જંગલમાંથી લાકડા કાપી લાવવા માટે શ્રી કૃષ્ણની સાથે સુદામાને મોકલ્યા. જંગલમાં તેમને ભૂખ લાગે તો, નાસ્તો કરવા માટે એક પોટલીમાં થોડા દાળિયા પણ ગુરુમાતાએ બાંધી દીધા; કહ્યું, ‘‘જ્યારે ભૂખ લાગે તો, આ વહેંચીને ખાઈ લેજો.’’ જંગલમાં દાખલ થતાં જ મુશળધાર વરસાદ તૂટી પડ્યો. વાતાવારણમાં તોફાની હવા અને ઠંડી પ્રસરી ગયાં. એક ઝાડ ઉપર શ્રી કૃષ્ણે તો બીજા ઝાડની ઉપર ચડીને સુદામાએ આશરો લીધો. થોડી વાર પછી, સુદામાને ભૂખ લાગી. તેણે પોટલીમાંથી એક દાળિયો લઈને મોંમાં મૂક્યો અને ચાવવા લાગ્યો. ભૂખ તો લાગી જ હતી, તેમાં એક દાળિયો એટલો સ્વાદિષ્ટ લાગ્યો કે, ધીરે ધીર કરતાં, તેના પોતાના ભાગના દાળિયા ખાઈ ગયો. પરંતુ, તોય તેની ભૂખ ભાંગી નહીં. હજી વધુ ખાવાની ઈચ્છા થઈ. તેણે વિચાર્યું,‘લાવને થોડા વધારે દાળિયા ખાઈ લઉં. પેલા કૃષ્ણે થોડા જ ગણીને રાખ્યા છે કે, એને ખબર પડશે કે, મેં કેટલા દાળિયા ખાધા.’’ આમ, ધીરે ધીરે કરતાં, સુદામા તો બધા જ દાળિયા ખાઈ ગયો. છેવટે જ્યારે તે છેલ્લો દાળિયો મોઢામાં પધરાવતો હતો, ત્યાં જ, કૃષ્ણે બૂમ પાડીને પૂછ્યું, ‘‘એય સુદામા, ગુરુમાતાએ પેલા દાળિયા આપ્યા હતાને! થોડાક મને આપને!’’ સુદામા બોલ્યો, ‘‘ભાઈ, મેં તો મારા બંને હાથો વડે આ ઝાડનું થડ પકડી રાખ્યું છે. મને લાગે છે કે, દાળિયાની પોટલી ક્યાંક પડી ગઈ છે.’’ કૃષ્ણે પૂછ્યું, ‘‘તો આ તારું મોઢું કાં હાલે છે?’’ સુદામા બોલ્યો, ‘‘અરે ભાઈ, તું તો જાણે જ છે કે, હું તો નબળો બ્રાહ્મણ છોકરો છું. આ ઠંડીને કારણે મારા મોઢામાં દાંત કકડે છે.’’ કૃષ્ણે કહ્યું, ‘‘ભલે ભાઈ સુદામા, પણ આજથી તારે માથે મારા એક મુઠ્ઠી દાળિયાનું કરજ રહેશે.’’ સુદામા સમજી ગયો કે, કૃષ્ણને ખબર પડી ગઈ છે કે, તે બધા દાળિયા ખાઈ ગયો છે. જ્યારે ગુરુજીને આ વાતની જાણ થઈ તો તેમણે સુદામાને બોલાવ્યો અને કહ્યું, ‘‘અરે મુરખ, તેં તો તારા પગ ઉપર જ કુહાડી ઝીંકી દીધી. આ કૃષ્ણ તો ભગવાનનો અવતાર છે અને આપણા સહુના મોક્ષને માટે અહીં પધાર્યા છે.’’ ગુરુકુળમાં માત્ર ચોંસઠ જ દિવસો રહીને, શ્રી કૃષ્ણ બધી જ વિદ્યાઓમાં પારંગત થઈ ગયા હતા.



ગુરુકુળમાંથી શ્રી કૃષ્ણે વિદાય લીધી અને સમય જતાં, તેઓ દ્વારકાના રાજા બન્યા. પરંતુ, સુદામા તો ગરીબનો ગરીબ જ રહ્યો. દિવસભર રખડી રખડીને ભીક્ષા માગતો, પણ સાંજ સુધીમાં તેને પેટ ભરાય તેટલું પણ અન્ન માંડ માંડ મળી રહેતું હતું. તેનાં બાળકો તો અડધુંપડધું ખાઈને સૂઈ જતાં હતાં.

હવે સુદામા ઘરડો લાગવા લાગ્યો હતો. પહેરવેશમાં ફાટેલું ધોતિયું, હાથ માં લાકડી અને તેના ઘરમાં હતી નરી દરિદ્રતા. તેની પત્ની વારેઘડીએ તેને કહેતી, ‘‘જાઓને તમારા પેલા દોસ્તાર કૃષ્ણ પાસે. એ તો હવે દ્વારકાનો રાજા છે. એ કંઈક મદદ કરશે તો આપણી ગરીબી અને દરિદ્રતા દૂર થઈ જશે.’’ છેવટે એક દિવસ સુદામાએ દ્વારકાનો રસ્તો પકડ્યો અને ચાલી નીકળ્યો તેના જૂના બાળમિત્રને મળવા. રસ્તામાં ભૂખ લાગે તો, નાસ્તા માટે તેની પત્નીએ તેને ત્રણ મુઠ્ઠી જેટલા પૌઆ એક પોટલીમાં બાંધી દીધા.

શ્રી કૃષ્ણને યાદ કરતાં કરતાં, તરસ્યો–ભૂખ્યો સુદામા દ્વારકા પહોંચ્યો. રાજમહેલના દરવાજે પહોંચીને સુદામાએ દ્વારપાળને કહ્યું, ‘‘ભાઈ, જરા શ્રી

કૃષ્ણને સંદેશો આપજે ને કે, તેનો બાળમિત્ર સુદામા દરવાજે આવીને ઊભઓ છે.'' દ્વારપાળ તો ફાટેલું–તૂટેલું ધોતિયું પહેરેલા, ગરીબ અસ્તવ્યસ્ત બ્રાહ્મણને જોઈને મનમાં ને મનમાં હસ્યો. પણ અંદર જઈને શ્રી કૃષ્ણને સંદેશો આપ્યો, ''હે પ્રભુ, ફાટલી–તૂટલી ધોતલી પહેરેલો અને હાથમાં લાકડીના ટેકે ટેકે ચાલતો દરિદ્ર જણાતો કોઈ બ્રાહ્મણ આવ્યો છે. કહે છે કે, એ આપનો બાળમિત્ર સુદામા છે. આપને મળવા માગે છે.'' સુદામા...!! આ નામ સાંભળતાં જ શ્રી કૃષ્ણે દરવાજા તરફ દોટ મૂકી. તેમનો મુગટ ક્યાંય પડી ગયો, તો ઓઢેલું ઉપવસ્ત્ર પિતાંબર ક્યાંક પડી ગયું. વળી વાંસળી ક્યાંક જઈ પડી તો, હાર ક્યાંય ઊડી ગયો. દોડીને કૃષ્ણ સુદામાના ચરણોમાં સાષ્ટાંગ સૂઈ ગયા. પોતાના વહાલા મિત્ર સુદામાને તો તેમણે ખોળામાં જ ઊંચકી લીધો. તેમણે તેને અંદર લઈ જઈને પોતાના સિંહાસને બેસાડ્યો. મોટી થાળીમાં પાણી લઈને, આંખોમાં પ્રેમથી આવતાં ઝળઝળિયાં સાથે તેમણે સુદામાના પગ ધોયા અને પોતાના જ ઉપવસ્ત્ર વડે લૂછ્યા.

થોડી જ વારમાં, છપ્પન ભાતભાતની વાનગીઓના થાળ સુદામા સમક્ષ આવવા લાગ્યા. બાળપણની વાતો કરતાં કરતાં બંને મિત્રો એકમેકને કોળિયા ભરાવવા લાગ્યા. શ્રી કૃષ્ણની પટરાણીઓ તેમને પંખો નાખતી હતી. આમ કરતાં કરતાં પંદર જેટલા દિવસ પસાર થઈ ગયા. આ પંદર દિવસોમાં સુદામા રાજાશાહી સ્નાન ને ઠાઠ માણીને ને ખાઈ–પીને તંદુરસ્ત થઈ ગયો. સુદામાને પોતાનું તુટ્યું–ફૂટ્યું ઘર યાદ આવવા લાગ્યું, પરંતુ મિત્ર કૃષ્ણના આગ્રહથી વધુ પંદર દિવસ રોકાઈ ગયા.

છેવટે વિદાયનો દિવસ આવી પહોંચ્યો. એક ભવ્ય રથ પર બેસાડીને સુદામાને શ્રી કૃષ્ણે પોતાના નગરની યાત્રા કરાવી, પણ ન તેની ફાટલી–તૂટલી ધોતી બદલી કે, ન તેના હાથમાંથી પેલી લાકડી લીધી. સુદામાનાં વસ્ત્રો જેવાં હતાં, તેવાં જ રહ્યાં. રુક્મિણી સહિત પટરાણીઓ તેમને પંખો નાખતી ઊભી હતી, તો શ્રી કૃષ્ણ તેમનાં ચરણો દાબી રહ્યા હતા. દ્વારકાથી થોડેક દૂર જઈને, શ્રી કૃષ્ણે શંખનાદ કરીને, એક ચક્રવર્તી રાજાને વિદાય આપે તેમ, સુદામાને વિદાય આપી. રાજપરિવાર પાછો પોતાના મહેલમાં આવી ગયો.

સુદામા એકલા રથમાં બેઠાં બેઠાં વિચાર કરવા લાગ્યો અને મનોમન ઘણો જ ધુંધવાયો.'કેવી સુંદર સુંદર સાડીઓના ઢગલા હતા. બે–ચાર સાડીઓ પોતાની ભાભીને મોકલાવી હોત તો, કેટલું સારું થાત.' મનમાં હતું કે, કૃષ્ણ ધનદોલત આપીને માલામાલ કરી મૂકશે, પણ એવું કંઈ જ ન થયું. એટલામાં તેને પોતાની પૌંઆની પોટલી યાદ આવી. જોયું તો, ત્રણ મુઠ્ઠી પૌંઆને બદલે માત્ર એક જ મુઠ્ઠી પૌંઆ બચ્યા હતા. સુદામાને ચીડ ચડી.'લ્યો! બે મુઠ્ઠી પૌંઆ તો એ જ ખાઈ ગયો. હવે હું આખે રસ્તે શું ખાઈશ. બસ એક જ મુઠ્ઠી પૌંઆ?' મનોમન બડબડવા લાગ્યો,'આ મારી બાયડી રોજેરોજ કહેતી, જાઓ તમારા દોસ્ત પાસે, તમને ન્યાલ કરી દેશે. આપણી ગરીબી દૂર કરી દેશે. એણે ન કહ્યું હોત તો, હું શા માટે આટલે દૂર આવત. થઈ દરિદ્રતા દૂર? આ કૃષ્ણને તો હું નાનપણથી જ ઓળખું છું, પૂરો કપટી અને મીઠાબોલો છે.'

સુદામાને ખબર નહોતી કે, તેનું પ્રાયશ્ચિત પૂરું થઈ ગયું હતું. મનમાં ચણભણાટ લઈને સુદામા જ્યારે પોતાને ગામ પહોંચ્યો તો જોયું કે, ઘર જ ગાયબ છે! મનમાં ને મનમાં સમસમી ગયો ને બડબડવા લાગ્યો,'હે ભગવાન, મારી ઝુંપડી ક્યાં ગઈ?' ચારેકોર નજર ફેરવી તો જોયું કે, તેની ઝુંપડીના સ્થાને એક ભવ્ય મહેલ – જેવો દ્વારકામાં હતો તેવો જ – ઊભો હતો.'આ બધું આટલી જલદી શી રીતે થઈ ગયું! મારાં બાળબચ્ચાં અને પત્ની ક્યાં ગયાં?' આવું એ વિચારતો ઊભો હતો ત્યાં જ ભરપૂર ઘરેણાં અને આકર્ષક વસ્ત્રોમાં સજ્જ એવી તેની પત્નીએ મહેલના એક ઝરૂખામાં તેને બોલાવ્યો. સુદામા તો તેને જોતા જ રહી ગયા. એ જ રુક્મિણીએ પહેર્યાં હતાં તેવા જ ઘરેણાં, તેવી જ સાડી, એ જ કૌસ્તુભ મણીનો ગળામાં હાર. દોડતી દોડતી તેની પત્ની મહેલમાંથી નીચે આવી અને તેનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું. મહેલમાં લઈ જઈને તેમને સિંહાસન પર બેસાડ્યા. સિંહાસન પણ એવું જ હતું, જે સુદામાએ દ્વારકામાં જોયું હતું. બિલકુલ દ્વારકામાં હતા તેવા જ હિંડોળ. સુદામા તો, રાજીના રેડ થઈને હિંડોળે

ઝુલવા લાગ્યા અને થોડી જ ક્ષણોમાં તેમની માટે રજૂ થયાં છપ્પન પકવાનનો થાળ! આ રીતે દ્વારકાપુરીની માફક જ સુદામાનું ગામ બન્યું, સુદામાપુરી. અનેક વર્ષો પછી, દ્વારકાપુરી તો સમુદ્રમાં ગરકાવ થઈ ગઈ પણ, આજેય સુદામાપુરીના અવશેષ આજેય જોવાં જેવાં છે.

ગુરુકુળમાં આપેલું વચન – ‘‘દોસ્ત સુદામા, મિત્રતાનો હાથ પહેલાં મેં લાંબો કર્યો છે, એટલે હવે હું જ આપણી મિત્રતા ટકાવીશ.’’ ભગવાન શ્રી કૃષ્ણે સુદામાને બધું જ આપ્યું – એવું જ દીધું, જે દ્વારકામાં હતું. આથી આપણે સતત સાવધ રહેવું જોઈએ. કોને ખબર આપણી વચ્ચે કોણ હોય! ભગવાન સ્વયં કોઈ રૂપે હાજર હોય! ક્યાંક એવું ન થાય કે, આપણે પણ સુદામાની માફક ભૂલ કરી બેસીએ!

અતઃ, જ્યારે ભગવાન અપનાવે, કૃપા કરે ત્યારે, તેમની દિવ્યતા આપે જ છે. જેવા ભગવાન, તેવા જ તેના અનન્ય ભક્તો! આ કારણે, ભગવાન, ઈષ્ટદેવ અથવા સદ્‌ગુરુને શરણે જાઓ, ત્યારે અનન્ય શ્રદ્ધા તથા ભક્તિની સાથે જ જવું. મનમાં સ્વાર્થ, કપટ, છળ, લુચ્ચાઈ કે અભિમાનની સ્હેજ પણ ભાવના ન હોવી જોઈએ. ભગવાન કહે છે કે,

**નિર્મળ મનના જ મને પામી શકે છે.**
**મને છળ–કપટી છિદ્રાન્વેષી ના ગમે.**

* * *



